ગુજરાત સમાચાર, પાના નંબર :- ૦૨.
તારીખ :- ૧૯-/૦૨/૨૦૨૬.

# શહેરી વિસ્તારોના વિકાસ માટે રૂપિયા ૧૬,૧૧૬ કરોડની બજેટમાં ફાળવણી

(પ્રતિનિધિ તરફથી) અમદાવાદ,બુધવાર

કોમનવેલ્થ ગેમ્સ માટે શહેરોને તૈયાર કરવાના ઈરાદા સાથે જ ગુજરાતમાં આજે રજૂ કરવામાં આવેલા ૨૦૨૬-૨૭ના વર્ષના બજેટમાં શહેરી વિસ્તારની માળખાકીય સુવિધાઓમાં વધારો કરવા માટે રૂા. ૧૬,૧૧૬ કરોડની ફાળવણી કરવામા આવી છે. તેમ જ શહેરી વિસ્તારની સ્થાનિક સ્વરાજ સંસ્તાઓને નાણાંકીય સહાય પૂરી પાડવા રૂા. ૩૩૫૪ કરોડની ફાળવણી કરવામાં આવી છે. અમદાવાદ અને સુરત મેટ્રો વિસ્તરણ સહિતના મેટ્રોરેલ પ્રોજેક્ટ માટે રૂા. ૨૨૧૭ કરોડની ફાળવણી કરવામાં આવી છે.

## અમદાવાદ અને સુરતના મેટ્રો રેલ પ્રોજેક્ટના વિસ્તરણ માટે રૂા. ૨૨૧૭ કરોડની બજેટમાં ફાળવણી કરવામાં આવી

અમૃત મિશન ૨.૦ હેઠળ પાણી પુરવઠા, ડ્રેનેજ, તળાવ વિકાસ અને પરિવહન માળખાને સુધારવા માટે રૂા. ૧૯૦૦ કરોડની ફાળવણી કરવામાં આવી છે. પ્રધાનમંત્રી આવાસ યોજના હેઠળ શહેરી વિસ્તારના ગરીબોને આવાસની સુવિધા પૂરી પાડવા માટે રૂ ૧૪૨૦ કરોડની જોગવાઈ કરવામાં આવી છે. અમ્યુકો માટે રેઝિલિયન્ટ સિટીઝ પાર્ટનરશીપ પ્રોગ્રામ તથા ઔડા વિસ્તાર માટે પેરી અર્બન લિવેબિલિટી ઈમ્પ્રુવમેન્ટ પ્રોજેક્ટ હેઠળ રૂા. ૮૦૦ કરોડની ફાળવણી કરવામં આવી છે. સ્વચ્છ ભારત મિશનને સાકાર કરવા માટે રૂા. ૫૭૭ કરોડની ફાળવણી કરવામાં આવી છે. શહેરોમાં ઝીરો વેસ્ટના આયોજનને અમલમાં મૂકવા માટે રૂા. ૩૫૦ કરોડની ફાળવણી કરવામાં આવી છે. શહેરી વિસ્તારોને રેલવે ક્રોસિંગ મુક્ત બનાવવા રૂા. ૩૫૦કરોડની ફાળવણી કરવામાં આવી છે. શહેરી વિસ્તારમાં સ્માર્ટ પાર્કિંગ તથા ઈન્ટીગ્રેટેડ ટ્રાફિસ મેનેજમેન્ટ માટે રૂા. ૨૦૦ કરોડની ફાળવણી કરવામાં આવી છે. દરેક મહાનગર પાલિકામાં સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સ બનાવવા અને ફ્લાયઓવર નીચે સ્પોર્ટ્સ ઈન્ફ્રાસ્ટ્રક્ચર વિકસાવવા માટે રૂા.૧૫૦કરોડની ફાળવણી કરવામાં આવી છે. લોથલ અને અંબાજીને આંતરરાષ્ટ્રય સ્તરે સ્થાન અપાવવા માટે માળખાકીય સુવિદા વિકસાવવા રૂા. ૧૪૭ કરોડની જોગવાઈ કરવામાં આવી છે. મુખ્યમંત્રી નગર નવજીવન યોજના માટે રૂા. ૧૦૦ કરોડ, એસજી હાઈવેને ગ્રીન હાઈવે બનાવવા માટે રૂા. ૧૦૦ કરોડની ફાળવણી કરવામાં આવી છે. ઉદ્યાન યોજનાઓ હેઠળ નમો ગૌરવ પાર્ક અને લીનિયર પાર્ક વિકસાવવા માટે તથા લેક વૉચ અને એરવૉચ માટે રૂા. ૯૦ કરોડની જોગવાઈ કરવામાં આવી છે.

### ગુજરાત બજેટ




